"મીઠાં બાળકો - શ્રીમત પર ચાલી બધાને મુક્તિ - જીવનમુક્તિ મેળવવાનો રસ્તો બતાવો , આખો દિવસ આ જ ધંધો કરતા રહો"

પ્રશ્ન :- બાપે કઈ સૂક્ષ્મ વાતો સંભળાવી છે જે ખૂબ સમજવાની છે?

ઉત્તર :- સતયુગ અમરલોક છે, ત્યાં આત્મા એક ચોલો (શરીર) બદલી બીજો લે છે પરંતુ મૃત્યુ નું નામ નથી એટલે તેને મૃત્યુલોક નથી કહેવાતો. ૨. શિવબાબા ની બેહદ રચના છે, બ્રહ્મા ની રચના આ સમયે ફક્ત આપ બ્રાહ્મણ છો. ત્રિમૂર્તિ શિવ કહેવાશે, ત્રિમૂર્તિ બ્રહ્મા નથી. આ બધી ખૂબ સૂક્ષ્મ વાતો બાપે સંભળાવી છે. આવી-આવી વાતો પર વિચાર કરી બુદ્ધિ માટે સ્વયં જ ભોજન તૈયાર કરવાનું છે.

ઓમ્ શાંતિ ! ત્રિમૂર્તિ શિવ ભગવાનુવાચ. હવે તે લોકો ત્રિમૂર્તિ બ્રહ્મા કહે છે. બાપ કહે છે - ત્રિમૂર્તિ શિવ ભગવાનુવાચ. ત્રિમૂર્તિ બ્રહ્મા ભગવાનુવાચ નથી કહેતાં. તમે ત્રિમૂર્તિ શિવ ભગવાનુવાચ કહી શકો છો. તે લોકો તો શિવ-શંકર કહી મળાવી દે છે. આ તો સીધું છે. ત્રિમૂર્તિ બ્રહ્મા ને બદલે ત્રિમૂર્તિ શિવ ભગવાનુવાચ. મનુષ્ય તો કહી દે છે-શંકર આંખ ખોલે છે તો વિનાશ થઈ જાય છે. આ બધું બુદ્ધિ થી કામ લેવાય છે. ત્રણ નો જ મુખ્ય પાર્ટ છે. બ્રહ્મા અને વિષ્ણુ નો તો મોટો પાર્ટ છે ૮૪ જન્મો નો. વિષ્ણુ નો અને પ્રજાપિતા બ્રહ્મા નો અર્થ પણ સમજ્યો છે, પાર્ટ છે આ ત્રણ નો. બ્રહ્મા નું તો નામ ગવાયેલું છે આદિ દેવ, એડમ. પ્રજાપિતા નું મંદિર પણ છે. આ છે વિષ્ણુ નો અથવા કૃષ્ણ નો અંતિમ ૮૪ મો જન્મ, જેમનું નામ બ્રહ્મા રાખ્યું છે. સિદ્ધ તો કરવાનું જ છે - બ્રહ્મા અને વિષ્ણુ. હવે બ્રહ્મા ને તો એડોપ્ટેડ (દત્તક) કહેવાશે. આ બંને બાળકો છે શિવ નાં. હકીકત માં બાળક એક છે. હિસાબ કરશો તો બ્રહ્મા છે શિવ નું બાળક. બાપ અને દાદા. વિષ્ણુ નું નામ જ નથી આવતું. પ્રજાપિતા બ્રહ્મા દ્વારા શિવબાબા સ્થાપના કરી રહ્યાં છે. વિષ્ણુ દ્વારા સ્થાપના નથી કરાવતાં. શિવ નાં પણ બાળકો છે, બ્રહ્મા નાં પણ બાળકો છે. વિષ્ણુ નાં બાળકો નથી કહી શકાતાં. નથી લક્ષ્મી-નારાયણ ને વધારે બાળકો હોઈ શકતાં. આ છે બુદ્ધિ માટે ભોજન. પોતેજ ભોજન બનાવવું જોઈએ. સૌથી વધારે પાર્ટ કહેવાશે વિષ્ણુ નો. ૮૪ જન્મો નું વિરાટ રુપ પણ વિષ્ણુ નું દેખાડે છે, નહીં કે બ્રહ્મા નું. વિરાટ રુપ વિષ્ણુ નું જ બનાવે છે કારણકે પહેલાં-પહેલાં પ્રજાપિતા બ્રહ્મા નું નામ ધરે છે. બ્રહ્મા નો તો ખૂબ થોડો પાર્ટ છે, એટલે વિરાટ રુપ વિષ્ણુ નું દેખાડે છે. ચતુર્ભુજ પણ વિષ્ણુ નું બનાવે છે હકીકત માં આ અલંકાર તો તમારા છે. આ પણ ખૂબ સમજવાની વાતો છે. કોઈ મનુષ્ય સમજાવી ન શકે. બાપ નવી-નવી રીત થી સમજાવતા રહે છે. બાપ કહે છે ત્રિમૂર્તિ શિવ ભગવાનુવાચ રાઈટ (સાચું) છે ને? વિષ્ણુ, બ્રહ્મા અને શિવ. આમાં પણ પ્રજાપિતા બ્રહ્મા જ બાળક છે. વિષ્ણુ ને બાળક નહીં કહેવાશે. ભલે ક્રિયેશન (રચના) કહે છે પરંતુ રચના તો બ્રહ્મા ની હશે ને? જે પછી ભિન્ન નામ રુપ લે છે. મુખ્ય પાર્ટ તો એમનો છે. બ્રહ્મા નો પાર્ટ પણ ખૂબ થોડો છે આ સમય નો. વિષ્ણુ નું રાજ્ય કેટલો સમય છે? આખાં ઝાડ નાં બીજ રુપ છે શિવબાબા. એમની રચના ને સાલિગ્રામ કહેવાશે. બ્રહ્મા ની રચના ને બ્રાહ્મણ-બ્રાહ્મણીઓ કહેવાશે. હવે જેટલી શિવ ની રચના છે એટલી બ્રહ્મા ની નથી. શિવ ની રચના તો ખૂબ છે. સર્વ આત્માઓ એમની સંતાન છે. બ્રહ્મા ની રચના તો ફક્ત તમે બ્રાહ્મણ જ બનો છો. હદ માં આવી ગયા ને? શિવબાબા ની છે બેહદ ની રચના - સર્વ આત્માઓ. બેહદ નાં આત્માઓ નું કલ્યાણ કરે છે. બ્રહ્મા દ્વારા સ્વર્ગ ની સ્થાપના કરે છે. તમે બ્રાહ્મણ જઈને સ્વર્ગવાસી બનશો. બીજા તો કોઈને સ્વર્ગવાસી નહીં કહેવાશે, નિર્વાણવાસી અથવા શાંતિધામ વાસી તો બધા બને છે. સૌથી ઊંચી સર્વિસ શિવબાબા ની હોય છે. બધા આત્માઓ ને લઈ જાય છે. બધાનો પાર્ટ અલગ-અલગ છે. શિવબાબા પણ કહે છે મારો પાર્ટ અલગ છે. બધાનો હિસાબ-કિતાબ ચૂક્તું કરાવી તમને પતિત થી પાવન બનાવી લઈ જાઉં છું. તમે અહીં મહેનત કરી રહ્યાં છો પાવન બનવા માટે. બીજા બધા કયામત નાં સમયે હિસાબ-કિતાબ ચૂક્તું કરીને જશે. પછી મુક્તિધામ માં બેઠાં રહેશે. સૃષ્ટિ નું ચક્ર તો ફરવાનું છે.

આપ બાળકો બ્રહ્મા દ્વારા બ્રાહ્મણ બની પછી દેવતા બની જાઓ છો. તમે બ્રાહ્મણ શ્રીમત પર સેવા કરો છો. ફક્ત મનુષ્યો ને રસ્તો બતાવો છો-મુક્તિ અને જીવનમુક્તિ મેળવવી છે તો આવી રીતે મેળવી શકો છો. બંને ચાવી હાથ માં છે. આ પણ જાણો છો કોણ-કોણ મુક્તિ માં, કોણ-કોણ જીવનમુક્તિ માં જશે. તમારો આખો દિવસ આ જ ધંધો છે. કોઈ અનાજ વગેરે નો ધંધો કરે છે તો બુદ્ધિ માં આખો દિવસ એ જ રહે છે. તમારો ધંધો છે રચના નાં

આદિ-મધ્ય-અંત ને જાણવું અને કોઈને મુક્તિ-જીવનમુક્તિ નો રસ્તો બતાવવો. જે આ ધર્મ નાં હશે તે નીકળી આવશે. એવાં ઘણાં ધર્મ નાં છે જે બદલાઈ નથી શકતાં. જેમ ઇન્ગલો ક્રિશ્ચન કાળા હોય છે. રુપ તો નથી બદલાતું. ફક્ત એમ જ બદલી દેશે. એવું નથી કે ફીચર્સ (ચહેરો) બદલાઈ જાય છે. ફક્ત ધર્મ ને માની લે છે. ઘણાં બૌદ્ધ ધર્મ ને માને છે કારણકે દેવી-દેવતા ધર્મ તો પ્રાયઃલોપ છે ને? એક પણ એવું નથી જે કહે અમે આદિ સનાતન દેવી-દેવતા ધર્મ નાં છીએ. દેવતાઓ નાં ચિત્ર કામ માં આવે છે, આત્મા તો અવિનાશી છે, એ ક્યારેય મરતો નથી. એક શરીર છોડી પછી બીજું લઈને પાર્ટ ભજવે છે. તેને મૃત્યુલોક નથી કહેવાતું. તે છે જ અમરલોક. ચોલો ફક્ત બદલે છે. આ વાતો ખૂબ સૂક્ષ્મ સમજવાની છે. મુદ્રા (થોક) નથી. જેમ લગ્ન થાય છે તો કોઈને રેજગારી, કોઈને મુદ્રા (દહેજ) આપે છે. કોઈ બધું દેખાડીને આપે છે, કોઈ બંધ પેટી જ આપે છે. જાત-જાત નાં હોય છે. તમને તો વારસો મળે છે મુદ્રા, કારણ કે તમે બધા બ્રાઈડ્સ (સજનીઓ) છો. બાપ છે બ્રાઈડગ્રુમ (સાજન). આપ બાળકો નો શૃંગાર કરી વિશ્વ ની બાદશાહી મુદ્રા (દહેજ) માં આપે છે. વિશ્વ નાં માલિક તમે બનો છો.

મુખ્ય વાત છે યાદ ની. જ્ઞાન તો ખૂબ સહજ છે. ભલે છે તો ફક્ત અલ્ફ ને યાદ કરવાના. પરંતુ વિચાર કરાય છે યાદ જ ઝટ ખસી જાય છે. ખાસ કરીને કહે છે બાબા યાદ ભૂલાઈ જાય છે. તમે કોઈને પણ સમજાવો તો હંમેશા યાદ શબ્દ બોલો. યોગ શબ્દ રોંગ (ખોટો) છે. શિક્ષક ને સ્ટુડન્ટ (વિદ્યાર્થી) ની યાદ રહે છે. ફાધર છે સુપ્રીમ સોલ. તમે આત્મા સુપ્રીમ નથી. તમે છો પતિત. હવે બાપ ને યાદ કરો. શિક્ષક ને, બાપ ને, ગુરુ ને યાદ કરાય છે. ગુરુ લોકો બેસીને શાસ્ત્ર સંભળાવશે, મંત્ર આપશે. બાબા નો મંત્ર એક જ છે-મનમનાભવ. પછી શું થશે? મધ્યાજીભવ. તમે વિષ્ણુપુરી માં ચાલ્યાં જશો. તમે બધા તો રાજા-રાણી નહીં બનશો. રાજા-રાણી અને પ્રજા હોય છે. તો મુખ્ય છે ત્રિમૂર્તિ. શિવબાબા પછી છે બ્રહ્મા જે ફરી મનુષ્ય સૃષ્ટિ અર્થાત્ બ્રાહ્મણ રચે છે. બ્રાહ્મણો ને પછી ભણાવે છે. આ નવી વાત છે ને? તમે બ્રાહ્મણ-બ્રાહ્મણીઓ બહેન-ભાઈ થયાં. વૃદ્ધ પણ કહેશે અમે ભાઈ-બહેન છીએ. આ અંદર સમજવાનું છે. કોઈને ફાલતું એમ જ કહેવાનું નથી. ભગવાને પ્રજાપિતા બ્રહ્મા દ્વારા સૃષ્ટિ રચી તો ભાઈ-બહેન થયા ને? જ્યારે એક પ્રજાપિતા બ્રહ્મા નાં બાળક છીએ, આ સમજવાની વાત છે. આપ બાળકો ને તો ખૂબ ખુશી થવી જોઈએ-આપણને ભણાવે કોણ છે? શિવબાબા. ત્રિમૂર્તિ શિવ. બ્રહ્મા નો પણ ખૂબ થોડો સમય પાર્ટ છે. વિષ્ણુ નો સતયુગી રાજધાની માં ૮ જન્મ પાર્ટ ચાલે છે ૮ ગાદીઓ ચાલે છે. બ્રહ્મા નો તો એક જન્મ નો પાર્ટ છે. વિષ્ણુ નો પાર્ટ મોટો (લાંબો) કહેવાશે. ત્રિમૂર્તિ શિવ છે મુખ્ય. પછી આવે છે બ્રહ્મા નો પાર્ટ જે આપ બાળકો ને વિષ્ણુપુરી નાં માલિક બનાવે છે. બ્રહ્મા થી બ્રાહ્મણ સો પછી દેવતા બને છે. તો આ થઈ ગયા અલૌકિક ફાધર. થોડો સમય આ ફાધર છે જેમને હમણાં માને છે. આદિ દેવ, આદમ અને બીબી. એમનાં વગર સૃષ્ટિ કેવી રીતે રચશે? આદિ દેવ અને આદિ દેવી છે ને? બ્રહ્મા નો પાર્ટ પણ ફક્ત સંગમ સમય નો છે. દેવતાઓ નો પાર્ટ તો છતાં પણ ખૂબ ચાલે છે. દેવતાઓ પણ ફક્ત સતયુગ માં કહેવાશે. ત્રેતા માં ક્ષત્રિય કહેવાય છે. આ ખૂબ ગુહ્ય-ગુહ્ય પોઈન્ટ (જ્ઞાન) મળે છે. બધું તો એક જ સમયે વર્ણન નથી કરી શકતાં. તેઓ ત્રિમૂર્તિ બ્રહ્મા કહે છે. શિવ ને ઉડાવી દીધાં છે. આપણે પછી ત્રિમૂર્તિ શિવ કહીએ છીએ. આ ચિત્ર વગેરે બધા છે ભક્તિમાર્ગ નાં. પ્રજા રચે છે બ્રહ્મા દ્વારા પછી તમે દેવતા બનો છો. વિનાશ નાં સમયે નેચરલ કેલામિટીઝ (કુદરતી આપદાઓ) પણ આવે છે. વિનાશ તો થવાનો જ છે, કળિયુગ પછી ફરી સતયુગ થશે. આટલાં બધા શરીરો નો વિનાશ તો થવાનો જ છે. બધુંજ પ્રેક્ટિકલ માં જોઈએ ને? ફક્ત આંખો ખોલવાથી થોડી થઈ શકે? જ્યારે સ્વર્ગ લોપ થાય છે તો તે સમયે પણ અર્થક્વેક (ધરતીકંપ) વગેરે થાય છે. તો શું તે સમયે પણ શંકર આંખ આમ મીંચે (બંધ કરે) છે? ગાય છે ને દ્વારિકા અથવા લંકા પાણી ની નીચે ચાલી ગઈ.

હવે બાપ સમજાવે છે - હું આવ્યો છું પથ્થરબુદ્ધિઓ ને પારસબુદ્ધિ બનાવવાં. મનુષ્ય પોકારે છે-હે પતિત-પાવન આવો, આવીને પાવન દુનિયા બનાવો. પરંતુ આ નથી સમજતા કે હમણાં કળિયુગ છે આનાં પછી સતયુગ આવશે. આપ બાળકો એ ખુશી માં નાચવું જોઈએ. બેરિસ્ટર વગેરે પરીક્ષા પાસ કરે છે તો અંદર વિચાર કરે છે ને - અમે પૈસા કમાઈશું, પછી મકાન બનાવીશું. આ કરીશું. તો તમે હમણાં સાચ્ચી કમાણી કરી રહ્યાં છો. સ્વર્ગ માં તમને બધો નવો માલ મળશે. વિચાર કરો સોમનાથ નું મંદિર શું હતું? એક મંદિર તો નહીં હશે. તે મંદિર ને ૨૫૦૦ વર્ષ થયાં. બનાવવામાં સમય તો લાગ્યો હશે. પૂજા કરી હશે તેનાં પછી તે લૂંટીને લઈ ગયાં. તરત તો નહીં આવ્યાં હશે. ઘણાં મંદિર હશે. પૂજા માટે મંદિર બનાવ્યાં છે. હમણાં તમે જાણો છો બાપ ને યાદ કરતા-કરતા આપણે ગોલ્ડન એજ (સતયુગ) માં ચાલ્યાં જઈશું. આત્મા પવિત્ર બની જશે. મહેનત કરવી પડે છે. મહેનત

વગર કામ નહીં ચાલશે. ગવાય પણ છે - સેકન્ડ માં જીવનમુક્તિ. પરંતુ એમ જ થોડી મળી જાય છે, આ સમજાય છે-બાળકો બનશે તો મળશે જરુર. તમે હમણાં મહેનત કરી રહ્યાં છો મુક્તિધામ માં જવા માટે. બાપ ની યાદ માં રહેવું પડે છે. દિવસે-દિવસે બાપ આપ બાળકો ને રિફાઇન (શુદ્ધ) બુદ્ધિ બનાવે છે. બાપ કહે છે તમને ખૂબ-ખૂબ ગુહ્ય વાતો સંભળાવું છું. પહેલાં થોડી આ સંભળાવ્યું હતું કે આત્મા પણ બિંદુ છે, પરમાત્મા પણ બિંદુ છે. કહેશે પહેલાં કેમ નહીં આ બતાવ્યું? ડ્રામા માં નહોતું. પહેલાં જ તમને આ સંભળાવે તો તમે સમજી ન શકો. ધીરે-ધીરે સમજાવતા રહે છે. આ છે રાવણ રાજ્ય. રાવણ રાજ્ય માં બધા દેહ-અભિમાની બની જાય છે. સતયુગ માં હોય છે આત્મ-અભિમાની. પોતાને આત્મા જાણે છે. આપણું શરીર મોટું (વૃદ્ધ) થયું છે, હવે આ છોડીને પછી નાનું લેવાનું છે. આત્મા નું શરીર પહેલાં નાનું હોય છે પછી વૃદ્ધ થાય છે. અહીં તો કોઈ નું કેટલું આયુષ્ય, કોઈનું કેટલું! કોઈનું અકાળે મૃત્યુ થઈ જાય છે. કોઈ-કોઈ નું ૧૨૫ વર્ષ નું પણ આયુષ્ય હોય છે. તો બાપ સમજાવે છે તમને ખુશી ખૂબ થવી જોઈએ - બાપ પાસે થી વારસો લેવાની. ગંધર્વી વિવાહ કર્યા આ કોઈ ખુશી ની વાત નથી, આ તો કમજોરી છે. કુમારી જો કહે અમે પવિત્ર રહેવા ઈચ્છીએ છીએ તો કોઈ મારી થોડી શકે છે? જ્ઞાન ઓછું છે તો ડરે છે. નાની કુમારી ને પણ જો કોઈ મારે, લોહી વગેરે નીકળે તો પોલીસ માં રિપોર્ટ કરે તો તેની સજા મળી શકે છે. જાનવર ને પણ જો કોઈ મારે છે તો તેનાં પર કેસ થાય છે, દંડ મળે છે. આપ બાળકો ને પણ મારી ન શકે. કુમાર ને પણ મારી નથી શકતાં. તે તો પોતાનું કમાઈ શકે છે. શરીર નિર્વાહ કરી શકે છે. પેટ કોઈ વધારે નથી ખાતું - એક મનુષ્ય નું પેટ ૪-૫ રુપિયા, એક મનુષ્ય નું પેટ ૪૦૦-૫૦૦ રુપિયા. પૈસા ખૂબ છે તો હબચ (લાલચ) થઈ જાય છે. ગરીબો ને પૈસા જ નથી તો હબચ પણ નથી. તે સૂકી રોટલી માં જ ખુશ થાય છે. બાળકોએ વધારે ખાવા-પીવા નાં હંગામા માં પણ ન જવું જોઈએ. ખાવાનો શોખ ન રહેવો જોઈએ.

તમે જાણો છો ત્યાં આપણને શું નહીં મળે! બેહદ ની બાદશાહી, બેહદ નું સુખ મળે છે. ત્યાં કોઈ બીમારી વગેરે થતી નથી. હેલ્થ (સ્વાસ્થ્ય) વેલ્થ (સંપત્તિ) હેપ્પીનેસ (આનંદ) બધું રહે છે. વૃદ્ધાવસ્થા પણ ત્યાં ખૂબ સારી રહે છે. ખુશી રહે છે. કોઈ પ્રકાર ની તકલીફ નથી રહેતી. પ્રજા પણ એવી બને છે. પરંતુ એવું પણ નહીં - અચ્છા, પ્રજા તો પ્રજા જ ખરા. પછી તો એવું થશે જેમ અહીં નાં ભીલ. સૂર્યવંશી લક્ષ્મી-નારાયણ બનવું છે તો પછી એટલો પુરુષાર્થ કરવો જોઈએ. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. અમે બ્રહ્મા ની નવી રચના પરસ્પર ભાઈ-બહેન છીએ, આ અંદર સમજવાનું છે કોઈને કહેવાની જરુર નથી. સદા આ જ ખુશી માં રહેવાનું છે કે અમને શિવબાબા ભણાવે છે.
2. ખાવા-પીવાનાં હંગામા માં વધારે નથી જવાનું. હબચ (લાલચ) છોડી બેહદ બાદશાહી નાં સુખો ને યાદ કરવાના છે.

વરદાન :- અનેક પ્રકારની પ્રવૃત્તિ થી નિવૃત્ત થવા વાળા નષ્ટોમોહા સ્મૃતિ સ્વરુપ ભવ

સ્વ ની પ્રવૃત્તિ, દૈવી પરિવાર ની પ્રવૃત્તિ, સેવા ની પ્રવૃત્તિ, હદ ની પ્રાપ્તિઓ ની પ્રવૃત્તિ આ બધાથી નષ્ટોમોહા અર્થાત્ ન્યારા બનવા માટે બાપદાદા નાં સ્નેહ રુપ ને સામે રાખી સ્મૃતિ સ્વરુપ બનો. સ્મૃતિ સ્વરુપ બનવાથી નષ્ટોમોહા સ્વત: બની જશો. પ્રવૃતિ થી નિવૃત્ત થવું અર્થાત્ હું-પણા ને સમાપ્ત કરી નષ્ટમોહા બનવું. આમ નષ્ટોમોહા બનવા વાળા બાળકો બહુજકાળ નાં પુરુષાર્થ થી બહુજકાળ નાં પ્રારબ્ધ ની પ્રાપ્તિ નાં અધિકારી બનશે.

સ્લોગન :- કમળફૂલ સમાન ન્યારા રહો તો પ્રભુ નો પ્રેમ મળતો રહેશે.

અવ્યક્ત ઈશારા - સહજયોગી બનવું છે તો પરમાત્મ - પ્રેમ નાં અનુભવી બનો

જે નંબરવન પરવાના છે એમને સ્વયં નો અર્થાત્ આ દેહ-ભાન નો, દિવસ-રાત નો, ભૂખ અને તરસ નો, પોતાનાં સુખ નાં સાધનો નો, આરામ નો, કોઈ પણ વાત નો આધાર નથી. તેઓ બધા પ્રકાર નાં દેહ ની સ્મૃતિ થી ખોવાયેલા અર્થાત્ નિરંતર શમા નાં લવ માં લવલીન રહે છે. જેવી રીતે શમા જ્યોતિ-સ્વરુપ છે, લાઈટ-માઈટ રુપ છે, તેવી રીતે શમા નાં સમાન સ્વયં પણ લાઈટ-માઈટ રુપ બની જાય છે.